Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/ 4157

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.09/૦૪/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
પ્રાથમિક અને માધ્યમિક શાળાઓ, તમામ સુરત. જિ - સુરત.

આ સાથે સામેલ નાયબ નિયામક,અનુસૂચિત જાતિ કલ્યાણ,કચેરી સુરતના પત્ર ક્રમાંકઃ અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૪-૨૫/૧૦૯૫ થી ૧૦૯૮ તા.૦૪/૦૪/૨૦૨૪ અન્વયે ધોરણ-૧ થી ૧૦ ના વિદ્યાર્થિઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સાયકલ યોજનાની તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણઃ- ઉકત પરિપત્રની નકલ

<u>ખુબ જ અગત્યનું/તાત્કાલિક</u>


# નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સીદ-, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

Email ID:- swo-sur@gujarat.gov.in ફોન નં ૨૪૬૪૪૩૦ – ૦૨૬૧ .


**નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/2024-25/૧૦૯૫ થી ૧૦૯૮** તા:-03/04/2024
૦૪

પ્રતિ

(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

(૨) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,સુરત

(૩) શાસનાધિકારીશ્રી, સુરત

વિષય :- અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સાયકાલની યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ :-૧)અત્રેની કચેરીના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૩૪૦૪ થી ૩૪૦૭ તા.૧૫/૧૨/૨૦૨૩
૨)અત્રેની કચેરીના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૧૧૮ થી ૧૨૧ તા.૦૪/૦૧/૨૦૨૪
૩)અત્રેની કચેરીના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૧૭૫ થી ૧૭૮ તા.૧૨/૦૧/૨૦૨૪
૪) અત્રેની કચેરીના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ.મેટ્રિક/૨૦૨૩-૨૪/૭૮૫ થી ૭૮૭ તા.૧૧/૦૩/૨૦૨૪

સવિનય ઉપરોક્ત વિષય અને સંદર્ભ પત્ર અન્વયે જણાવવાનું કે, અત્રેની કચેરી દ્વારા વારંવાર પત્ર પાઠવી જણાવેલ છે કે અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સાયકલ યોજનાની શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ અંતર્ગત શાળા કક્ષાએ પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ/ગણવેશ સહાય યોજનાની ઘણી દરખાસ્તો પડતર છે તેનું લિસ્ટ પણ આપવામાં આવેલ છતાં પણ હજુ સુધી જે-તે શાળાના પ્રિન્સિપાલશ્રી દ્વારા શૈક્ષણિક વર્ષ: ૨૦૨૩-૨૪ પુર્ણ થયેલ હોવા છતાં પણ સદર કામગીરી પુર્ણ કરવામાં આવેલ નથી જે ખુબ જ ગંભીર બાબત છે.

શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પુર્ણ થયેલ હોય તે અંગેની પ્રિસિપાલ લેવલ પરની પડતર કામગીરીની ૨(બે) એક્ષેલ ફાઇલ પણ ઇ-મેઇલમાં સામેલ રાખેલ છે. એક એક્ષેલ ફાઇલમાં એવી શાળાઓની યાદી છે જેઓએ ડિજીટલ ગુજરાત પોર્ટલ પર પ્રપોઝલ બનાવેલ છે. પરંતુ પ્રપોઝલ સેન્ડ કરેલ નથી અને બીજી એક્ષેલ ફાઇલમાં એવા વિદ્યાર્થીઓની યાદી છે જે વિદ્યાર્થીઓના બેંક એકાઉન્ટ વેરીફાઇડ છે પરંતુ તેઓની પ્રપોઝલ બનાવવામાં આવેલ નથી.સદર કામગીરી પુર્ણ કરવા અત્રેની કચેરીએથી વારંવાર પત્ર પાઠવેલ હોવા છતાં હજુ ઘણી બધી શાળાઓ દ્વારા સદર કામગીરી પુર્ણ કરેલ ન હોય અને પત્રની અવગણા કરેલ હોય તેવુ જણાય આવેલ છે જેથી તાકીદે જણાવવામાં આવે છે કે સદર કામગીરી તા.૧૦/૦૩/૨૦૨૪ સુધીમાં પુર્ણ કરવી.વધુમાં જણાવવાનું કે અત્રેની કચેરી દ્વારા વારંવાર ક્વેરી આપેલ કે મહાર, માંગ, માંતગ ,વગેરે જાતિના ગુજરાત રાજ્યનો પિતાનો અથવા વિદ્યાર્થીનો જાતિનો દાખલો ફરજીયાત શાળાએ અત્રેની કચેરીને રજુ કરવાનો રહેશે.છતાં પણ જે-તે શાળાના પ્રિન્સિપાલશ્રી સદર ક્વેરીને ચેક કર્યાવગર જ પ્રપોઝલ બનાવી અત્રેની કચેરીને મોકલી આપે છે. આવુ ન કરતા પ્રિસિપાલ લેવલ પરની પડતર કામગીરી જાતે જ ચેક કરી .**<u>અત્રેની કચેરીને તા.૧૦/૦૪/૨૦૨૪ સુધીમાં દરખાસ્તો ઓનલાઇન મળી જાય તે રીતે કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સુચના આપવા વિનંતી છે. કોઇ શાળાને સદર કામગીરી બાબતે કોઇ ક્વેરી હોય તો અત્રેની કચેરીના કર્મચારીના મો.નં.-7698303088 પર જે-તે પ્રિન્સિપાલશ્રીએ સંપર્ક કરવા જણાવવું.</u>**

**વધુમાં જણાવવાનું કે દરખાસ્ત તાત્કાલિક બનાવી અત્રેની કચેરીને તાત્કાલીક મોકલી આપવા વિનંતી છે.** જો કોઇ વિદ્યાર્થી શિષ્યવૃત્તિના લાભથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની તાકીદે નોંધ લેવા વિનંતી છે.

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી, સુરત.
આવક નંબર :-
તારીખ :- ૨૧૮૩

બિડાણ - ૨(બે)એક્ષેલ ફાઇલ(ઇ-મેઇલ)

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

**ખૂબ જ અગત્યનું/તાત્કાલિક**


## નાયબ નિયામક, અનુસૂચિત જાતિ કલ્યાણની કચેરી,

સીદ-, બહુમાળી બિલ્ડીંગ,નાનપુરા, સુરત

ફોન નં ૨૪૬૪૪૩૦ – ૦૨૬૧.

Email ID:- swo-sur@gujarat.gov.in


નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૪-૨૫/૧૦૯૩-૧૨૦૪ તા:-૦૩/૦૪/૨૦૨૪ ૦૪

પ્રતિ,
(૧) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, સુરત.

વિષય :- અનુસૂચિત જાતિના ધો-09ની વિદ્યાર્થીનીઓની સરસવતી સાધના(સાયકલ) યોજનાની બાકી કામગીરી પૂર્ણ કરવા બાબત.

સંદર્ભ: અત્રેની કચેરીના પત્ર નં.ના.નિ.અજાક/પ્રિ-મેટ્રિક/૨૦૨૩-૨૪/૯૫૫ તા.૧૮/૦૩/૨૦૨૪

સવિનય ઉપરોક્ત વિષય પરત્વે જણાવવાનું કે, અનુસૂચિત જાતિના ધો-૧ થી ૧૦ ના વિદ્યાર્થીઓની પ્રિ-મેટ્રીક શિષ્યવૃત્તિ તથા સાયકલ યોજનાનો અમલ ડિજિટલ ગુજરાત પોર્ટલ મારફત ઓનલાઇન કરવામાં આવે છે.વિદ્યાર્થીનીઓની સરસવતી સાધના(સાયકલ) યોજનાની ઘણી દરખાસ્તો પડતર રહેલ છે તેવું જણાયેલ છે.

**શૈક્ષણિક વર્ષ ૨૦૨૩-૨૪ પુર્ણ થયેલ છે છતાં પણ હજુ ઘણી બધી શાળાઓમાં સાયકલની દરખાસ્ત બનાવવામાં આવેલ ન હોય તે અંગે અત્રેની કચેરી દ્વારા વારંવાર પત્ર દ્વારા જણાવેલ છે. છતાં પણ આજ દિન સુધી ફાળવેલ લક્ષ્યાંક મુજબની સાયકલીની દરખાસ્ત મળેલ નથી. જે બાબત ખુબ જ ગંભીર ગણાય. જેથી અત્રેની કચેરીને તા.૧૦/૦૪/૨૦૨૪ સુધીમાં દરખાસ્તો ઓનલાઇન મળી જાય તે રીતે કાર્યવાહી કરવા આપની કક્ષાએથી સુચના આપવા વિનંતી છે. કોઇ શાળાને સદર કામગીરી બાબતે કોઇ ક્વેરી હોય તો અત્રેની કચેરીના કર્મચારીના મો.નં.-7698303088 પર જે-તે પ્રિન્સિપાલશ્રીએ તાત્કાલિક સંપર્ક કરવાનો રહેશે. અને પ્રિન્સિપાલ લેવલ પર કોઇ કામગીરી પેંડિગ નથી તેનું પ્રમાણપત્ર આપવાનું રહેશે.જેથી સાયકલની દરખાસ્ત તાત્કાલિક બનાવી અત્રેની કચેરીને તાત્કાલીક મોકલી આપવા વિનંતી છે.**

વધુમાં જણાવવનું કે જો કોઇ અનુસૂચિત જાતિની ધો-09ની વિદ્યાર્થીનીઓની સરસવતી સાધના(સાયકલ) યોજનાના લાભથી વંચિત રહી જશે તો તેની સઘળી જવાબદારી જે-તે શાળાના આચાર્યશ્રીની રહેશે. જેની તાકીદે નોંધ લેવા વિનંતી છે.

નાયબ નિયામક
અનુસૂચિત જાતિ કલ્યાણ
સુરત

**નકલ સવિનય રવાના:**
**મે.નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય ગાંધીનગર ,તરફ જાણ સારૂ...**